


**માહે રમઝાન**
વક્તે ઈફ્તાર ૬-૫૮
ખત્મે સહરી ૫-૦૧
રમઝાન ૨૫
હિજરી ૧૪૩૧

સુપ્રીમ કોર્ટના આદેશ પછી પૂર્વ ગૃહરાજ્યમંત્રીની પૂછપરછ થવાની જ

# ઝડફિયાએ સામેથી SITને પત્ર કેમ લખ્યો ?

## શિક્ષણ અને ઝકાત

**- ડો. ઝુબેર કુરેશી**

વઆજે ખૈરાત, ઝકાત અને સદકાના પૈસાથી મોટા મોટા મદ્રસાઓ ચાલે છે, પ્રત્યેક મદ્રસાનો વાર્ષિક ખર્ચ, મસ્જિદમાં આવીને એલાન કરતા એમના સફીરો પ્રમાણે અને એમના વાર્ષિક હિસાબના રિપોર્ટ, ઉપરથી કરોડો રૂપિયાનો થાય છે. આવા સેંકડો મદ્રસા છે અને વધુ સ્થપાતા જાય છે. તેમનો ખર્ચ સરવાળો કદાચ કોઈ પણ સરકારના શિક્ષણ ઉપર થતા ખર્ચને પાછળ મુકે દે એટલો થાય છે. બલકે કહેવાતા ઈસ્લામી યુગમાં એટલે કે મધ્ય યુગમાં પણ દીની મદ્રસાઓ ઉપર આટલો જંગી ખર્ચ કદાચ નહીં થતો હોય, એમ અનુમાનથી કહી શકાય. મામુલી અપાતી ઝકાતનો આ કમાલ છે. કોઈ ન આપે તો, કોઈ સરકાર ઓફિસર કે ITO એને પૂછવાનો નથી. છતાં લોકો સ્વેચ્છાએ આપે છે. કોઈ બળજબરીપૂર્વક ઝકાતની ઉઘરાણી થતી નથી. હજુ લોકોમાં એવી ફરિયાદ છે કે, સંપૂર્ણપણે ઝકાત અપાતી નથી. આ ફરિયાદ કેટલી સાચી છે તે ખુદા જાણે કેમ કે આપણી પાસે કોઈ આધારભૂત સર્વે નથી. એના કારણે દીની શિક્ષણ હજારો લાખો વિદ્યાર્થીઓને મફત અપાય છે, બલકે એમના રહેઠાણ અને ખાવાપીવાની

અનુસંધાન બીજા પાને

શું આપે SITને પત્ર પાઠવ્યો છે ?

## ''કંઈ બોલવાનું નહીં કંઈ બોલાવાનું નહીં''

**-ગોરધન ઝડફિયા**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

ગોરધન ઝડફીયાએ એસ.આઈ.ટી.ને પાઠવેલા પત્ર અંગે છેલ્લા ત્રણ દિવસથી માધ્યમોમાં વહેતા થયેલા અહેવાલો બાદ ગુજરાત ટુડેએ ગોરધન ઝડફીયાનો સંપર્ક કરી આ અંગે જાણવાની કોશિશ કરી તો તેઓએ એક જ લીટીમાં સ્પષ્ટ જણાવી દીધું કે કંઈ બોલવાનું નહીં એ તપાસનો વિષય છે જેને જે વાર્તાઓ કરવી હોય તે કરે હું તપાસમાં સહકાર આપીશ. શું આપે એસ.આઈ.ટી.ને કોઈ પત્ર પાઠવ્યો છે, ક્યારે પાઠવ્યો તેમાં શું લખ્યું છે તેવા અનેક પ્રશ્નોના જવાબ ઝડફીયાએ પોતાની સ્ટાઈલમાં ''કંઈ બોલવાનું નહીં કંઈ બોલવાનું નહીં.'' તપાસનો વિષય છે એ બધો, આપણે બધું જોયા કરવાનું હું તો દુઃખી માણસ છું.

**એ તપાસનો વિષય છે, હું દુઃખી માણસ છું**

## ગોરધન ઝડફિયાએ ચોક્કસ આયોજન સાથે જ પોતાને બોલાવવાની માંગ કરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

કોમી તોફાનોની પુનઃ તપાસ કરતી એસ.આઈ.ટી.એ ઝકીયા જાફરીની અરજીના અનુસંધાને રજૂ કરેલ તપાસ અહેવાલ બાદ સુપ્રીમ કોર્ટ પૂર્વ ગૃહ રાજ્યમંત્રી ગોરધન ઝડફીયા, આઈ.પી.એસ. એમ.કે. ટંડન અને પી.બી. ગોંદિયાની ભૂમિકાની વધુનો તપાસનો આદેશ કર્યા બાદ ગોરધન ઝડફીયાએ તાજેતરમાં સામેથી એસ.આઈ.ટી.ને પત્ર પાઠવી પોતાની પૂછપરછ બોલાવવા માટે માંગ કરી છે ઝડફીયાએ એસ.આઈ.ટી.ને



લખેલા પત્રથી સૌ આશ્ચર્ય અને ખળભળાટની બેવડી લાગણી અનુભવી રહ્યાં છે પરંતુ ઝડફીયાના આ દાવ પાછળ તેઓનું આયોજન શું છે ?

૨૦૦૨માં કોમી તોફાનો ફાટી નીકળ્યા તે સમયે ગોરધન ઝડફીયા રાજ્યના ગૃહરાજ્ય મંત્રી પદે બિરાજમાન હતા. અદાલતો સુધી એવા આક્ષેપ થઈ ચુકયા છે કે સાબરમતી ટ્રેન દુર્ઘટના બાદ ગુજરાત પોલીસને અમુક કલાકો સુધી મુકપ્રેક્ષક બની રહેવા માટે ઉચ્ચ સ્તરેથી સૂચના અપાઈ હતી અને તોફાનીઓને ખુલ્લો દોર આપવામાં આવ્યો હતો. આ આક્ષેપો સીધા ગોરધન ઝડફીયા ઉપર જઈને અટકતા હતા. કારણ કે તેઓ ગૃહરાજ્યમંત્રી હતા. ગુલબર્ગ સોસાયટીમાં પૂર્વ કોંગી સાંસદ અહેસાન જાફરીએ પોતાની અને સોસાયટીવાસીઓની સુરક્ષા માટે સ્થાનિક પોલીસથી લઈને ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને ઉચ્ચ રાજકારણીઓ સુધ્ધાની મદદ માંગી હતી મદદ તો ના મળી મોત મળ્યું અહેસાન જાફરીના પત્ની ઝકીયા જાફરીએ સુપ્રીમ કોર્ટમાં જે અરજી કરી હતી તેનો આધાર આજ હતો અને એટલે જ મુખ્યમંત્રી સહિત ૬૨ની ભૂમિકાની તપાસની માંગ તેઓએ કરી હતી.

એસ.આઈ.ટી. મુખ્યમંત્રી સહિત અનેક રાજકારણીઓ અને પોલીસ અધિકારીઓની અગાઉ પૂછપરછ કરી ચુકી છે જેમાં પૂર્વ ગૃહરાજ્યમંત્રી ગોરધન ઝડફીયા, એમ.કે. ટંડન અને પી.બી. ગોંદિયાનો પણ સમાવેશ થાય છે. આ તમામની પૂછપરછમાં ઝડફીયા, ટંડન અને ગોંદિયાની ભૂમિકા શંકાસ્પદ અને ફરજમાં બેદરકારી જણાઈ હોવાનો અહેવાલ સીટે સુપ્રીમમાં આપ્યા બાદ સુપ્રીમ કોર્ટે ઝડફીયા, ટંડન અને ગોંદિયાની વધુ તપાસ માટે આદેશ કર્યા છે.

અનુસંધાન બીજા પાને

ઈદ હોય કે દિવાળી
તહેવારો અને શુભ પ્રસંગોમાં
ઉત્તમ પગરખા માટે વિશ્વાસપાત્ર સ્થળ
૧૦% થી ૫૦% સેલ
ખાવડા
ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
અંકુર સ્કૂલ પાસે
ફોન :૩૦૦૨૬૬૪૪



## રાણીના મઝારને છાજે તેવી રોશની

રમઝાન માસના આખરી દિવસો હાલ ચાલી રહ્યા છે ત્યારે મુસ્લિમોમાં એક તરફ રમઝાન માસની વિદાયથી ગમગીની વ્યાપેલી છે તો બીજી તરફ ઈદને વધાવવાની ખુશી પણ છે. શબે કદ્ર અને ઈદના પર્વને લઈ ઠેર-ઠેર રોશનીઓ કરાઈ રહી છે. પ્રસ્તુત તસવીર અમદાવાદના આસ્ટોડિયા ખાતેની વિશ્વ વિખ્યાત રાણી સીપ્રીની મસ્જિદ અને દરગાહની છે જે અંધારી રાતમાં રોશનીથી ઝગમગારા મારી રહી છે.

**રમઝાન મુબારક**

**શિક્ષણ ક્ષેત્રે તથા સમાજના લોકોને સહાય કરવા તત્પર રહેતી સીરત કમિટીને દાન આપવા અપીલ કરે છે.**

સીરત કમિટીની સરખેજ રોડ અમદાવાદ દ્વારા ૨૫ વર્ષ દરમ્યાન નીચે મુજબની સહાય કરવામાં આવેલ છે.

૧. વિધવાઓ, ગરીબ, યતીમને આર્થિક સહાય રૂા.૯,૨૨,૮૦૦/-
૨. ગરીબ, યતીમ વિદ્યાર્થીઓને નાત જાતના ભેદભાવ વગર પુસ્તકો તથા નોટબુકો તથા ફીની રકમની ચૂકવણી રૂા.૪૦,૭૦,૦૦૦/----૧૬,૫૦,૦૦૦/-
૩. ઉચ્ચ અભ્યાસ માટેની આર્થિક સહાય રૂા.૫,૦૦,૦૦૦/-
૪. સીરત દવાખાનામાં ડોકટર મારફતે તપાસ તથા દવાની મદદ રૂા.૬,૫૨,૬૪૦/-
૫. કુદરતી સંજોગોમાં અનાજની વહેંચણી રૂા.૬,૦૦,૦૦૦/-
૬. રમઝાન માસ દરમ્યાન રોકડ સહાય તથા ફૂડ પેકેટની વહેંચણી.
૭. ઈનામોની વહેંચણી રૂા.૪,૦૦,૦૦/-
૮. ઈન્આમ વિતરણ અંગેની માર્કશીટ તા.૩૦-૦૯-૧૦ સુધીમાં મોકલી આપવી.

સીરત કમિટીને રમઝાન માસ દરમ્યાન જકાત, ફીતરા, સદકા, લીલ્લાહ વગેરે આપી સવાબે દારેન હાસીલ કરો.

દાનમાં મળેલ રકમ ઈન્કમટેક્ષની કલમ-૮૦ જી કરમુકત છે.

એમ.બી.ફારૂકી (પ્રમુખ) 9427522790
મહેમુદમિયાં પહેલારી (ટ્રેઝરર) 9825783003
દિલાવર હુસેન એમ.સૈયદ(સેક્રેટરી) 9825043137
તથા અરાકીને સીરત કમિટી

યુ.૧૨, સેન્ચુરી કોમ્પલેક્ષ, મકતમપુરા, પંચાયત ટાંકી પાસે, સરખેજ રોડ, અમદાવાદ-૫૫



**શિક્ષક દિવસ**

''આધુનિક સમાજ માટે મહત્ત્વપૂર્ણ તથા અનિવાર્ય હોવા છતાં પણ માત્ર જાણકારી મેળવવી અથવા ટેકનિકલ કૌશલ્યો મેળવવા જ શિક્ષણનો ઉદ્દેશ્ય નથી બલ્કે તેનો ઉદ્દેશ્ય એવો સંતુલિત માનસિક વિકાસ કરવાનો, એવી વિવેકપૂર્ણ અભિવૃત્તિ તથા લોકશાહી ભાવના પેદા કરવી છે, જે આપણને જવાબદાર નાગરિક બનાવે''

- સર્વપલ્લી રાધાકૃષ્ણન

**પ્રારંભિક શિક્ષણ હવે પ્રત્યેક બાળકનો મૌલિક અધિકાર છે**



શ્રીમતી પ્રતિભા દેવીસિંહ પાટિલ
મહામહિમરાષ્ટ્રપ્રમુખ

davp 21101/13/0002/1011



ભારત સરકાર
માનવ સંસાધન વિકાસ મંત્રાલય
સ્કૂલ શિક્ષણ તથા સાક્ષરતા વિભાગ



શ્રી કપિલ સિબ્બલ
માનવ સંસાધન વિકાસપ્રધાન



શ્રીમતી ડી. પુરંદેશ્વરી
માનવ સંસાધન વિકાસ રાજ્યપ્રધાન

● આદ્યસ્થાપક : ભાઈખાનભાઈ બલુચ ● તંત્રી : યુનુસ એ. પટેલ ● સહતંત્રી : અલમદાર બુખારી ● માલિક : લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી મુદ્રક-પ્રકાશક : એસ. બી. તિરમીઝી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ-૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યુ ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ●